# Shree Harignanamrut Kavya Amrut Bindu 2

## Raseelo Rāj Pyāro

રસીલો રાજ પ્યારો, મળતાં રીઝાઈ ગયો;
Raseelo rāj pyāro, maltā reejhāee gayo;
સહજાનંદ કંથ મારો, મૂર્તિમાં રમાઈ ગયો…રસીલો…૧
Sahajanand kanth māro, murtimā ramāee gayo…Raseelo…1

પ્રથમની પ્રીત હતી, પ્રથમ મેળાપ થયો;
Prathamnee preet hatee, pratham merāp thayo;
દીપક જે પ્રેમતણો, અચાનક પ્રગટાઈ ગયો…રસીલો…૨
Deepak je premtano, achānak pragatāee gayo…Raseelo…2

બિરદ જાણી હરિ, હેતેથી હસ્ત ગ્રહ્યો;
Birad jānee Hari, hetethee hasta grahyo;
જોડીને નેણથી નેણો, ભુજામાં દબાઈ ગયો…રસીલો…૩
Jodeene nenthee neno, bhujāmā dabāee gayo…Raseelo…3

અતિશય સ્નેહ કરી, મૂર્તિમાં લીન કર્યો;
Atishay sneha karee, murtimā leen karyo;
રસબસ રહેલા મુક્તો, સંગે ઠેરાઈ ગયો…રસીલો…૪
Rasabasa rahelā mukto, sange therāee gayo…Raseelo…4

શ્રીજીના સુખ કેરી, નવલી ને નવલી લેર્યો;
Shreejinā sukha keree, navalee ne navalee leryo;
તેનાં જે આકર્ષણો, જોતાં જ ખેંચાઈ ગયો..રસીલો…૫
Tenā je ākārshhano, jotā je khechāee gayo…Raseelo…5

પુરુષોત્તમરૂપ કરી, ઉત્તમ આપ્યાં સુખો;
Purushottamroop karee, uttam āpyā sukho;
કૃતાર્થ મુને કર્યો, આનંદ છવાઈ ગયો…રસીલો…૬
Krutārth mune karyo, ānand chhvāee gayo…Raseelo…6

નવાં નવાં સુખ આપી, નવલા તે નેહ કરો;
Navā navā sukha āpee, navalā te neha karo;
દાસાનુદાસ તમારો, સુખમાં અંજાઈ ગયો…રસીલો…૭
Dāsānudās tamāro, sukhamā anjāee gayo…Raseelo…7

© Maninagar Shree Swaminarayan Gadi Sansthan, 2004
www.SwaminarayanGadi.com